અપીલ અરજી નં.૨૬૦ તા.૧૯–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી એમબીસીબી એન્ટરપ્રાઈઝ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમબીસીબી એન્ટરપ્રાઈઝની તા.૧૮–૧૦–૧૦ની અરજીથી તા.૩–૮–૧૦ અને તા.૧૦–૮–૧૦ ના રોજ કરેલ અરજીમાં રોયલ પેલેસ શોપીગ સેન્ટરમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા બાબતે કરેલ કાર્યવાહીની વિગત આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૦/૨૦૧૦–૧૧

શ્રી એમબીસીબી એન્ટરપ્રાઈઝની તા.૧૮–૧૦–૧૦ની અરજીથી તા.૩–૮–૧૦ અને તા.૧૦–૮–૧૦ ના રોજ કરેલ અરજીમાં રોયલ પેલેસ શોપીગ સેન્ટરમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા બાબતે કરેલ કાર્યવાહીની વિગત આપવા બાબતે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૩૫૫૨ તા.૨–૧૧–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૦ તા.૨૭–૧૧–૧૦ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. પરંતુ નિકાલની વિગતોની મળેલી નકલો અનુસાર વીજીલન્સ ઓફિસરના તા.૧–૧૧–૧૦ ના પ્રત્યુત્તર, ડે.કમિ.(પીએન્ડડી) ના તા.૨–૧૧–૧૦ ના પ્રત્યુત્તરની નકલ, અરજદારની વિષય હેઠળની અરજીઓ તથા સેન્ટ્રલ ઝોન અને અઠવાઝોનના તબદીલી પત્રોની નકલો મળેલ છે.

અરજદારની તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી તા.૩–૮–૧૦ અને તા.૧૦–૮–૧૦ ના રોજ કરેલી અરજી બાબતે કરેલી કાર્યવાહીની વિગતો માંગતી અરજી વીજીલન્સ અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૦૧૭ તા.૧૯–૧૦–૧૦ થી વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૨૫ તા.૨૨–૧૦–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૨૯૭ તા.૧૬–૧૧–૧૦ થી " અરજીના અનુસંધાને તપાસ કરતાં સબંધિત વિભાગ તરફથી મળેલી માહિતી મુજબ "રોયલ પેલેસ" ના નામે ઓળખાતી બિલ્ડીંગમાં ગણગૌર નામની તથા અન્ય રેસ્ટોરન્ટના માલિકોએ કરેલ ચીમની તથા શેડના ગેરકાયદેસર બાંધકામ, મધ્યસ્થ શહેર વિકાસ તરફથી તા.૧૬–૩–૧૦ ના રોજ ગેસ ચુલા માટે મુકવામાં આવેલ ચીમની દુર કરવામાં આવેલ. તેમજ રોડ તરફે માર્જીનવાળા ભાગમાં કરવામાં આવતું દબાણ વખતોવખત સબંધિત વિભાગ તરફથી હટાવવામાં આવે છે." તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) મધ્યસ્થ શહેર વિકાસ તરફથી ટીપી સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ફા.પ્લોટ નં.૧૨૭ વાળી મિલ્કતમાં આવેલ " રોયલ પેલેસ" નામે ઓળખાતી બિલ્ડીંગમાં આરોગ્યને હાનિકારક તથા પાર્કીગ અવરોધ ઉભો કરવા બાબતેની ફરીયાદ અરજી અન્વયે અત્રેથી ગેસ ચુલા માટે મુકવામાં આવેલ ચીમની કાઢી નાંખવામાં આવેલ. તેમજ રોડ તરફે કરવામાં આવતું ગેર કાયદેસર દબાણ હટાવવાની કામગીરી વખતો વખત અત્રેના વિભાગ ધ્વારા કરવામાં આવે છે." તેવું જણાવવામાં આવેલ છે. અરજદારે ટીડીઓ નં.૩૫૫૨ તા.૨–૧૧–૧૦ ના પત્રક બાબતે નારાજથી દર્શાવી તા.૧૯–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ કઈ બાબતે નારાજગી છે તેવી કોઈ વિગતો કે આધાર પુરાવા રજૂ કરેલ નથી. બંને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ જણાય છે. પરંતુ તેમાં અરજદારની તા.૩–૮–૧૦ તથા તા.૧૦–૮–૧૦ ની અરજીઓ અંગે શું કાર્યવાહી થઈ તેની વિગતો જણાતી નથી. વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પણ તા.૧૬–૩–૧૦ ના રોજ દુર કર્યાનું જણાવેલ છે. પરંતુ ઓગષ્ટ–૧૦ ની અરજદારની અરજીઓ અંગે કરેલ કાર્યવાહી બાબતે બંને જાહેર માહિતી અધિકારીએ કોઈ પ્રકાશ પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજદારની તા.૩–૮–૧૦ અને તા.૧૦–૮–૧૦ ની અરજીઓ અંગે કરેલ કાર્યવાહીની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી એમબીસીબી એન્ટરપ્રાઈઝ,